1. સ્થાન આધારિત અને જથ્થા આધારિત બજારનું વર્ગીકરણ સમજાવો.

- જુદા જુદા માપદંડો મુજબ બજારનું વર્ગીકરણ નીચે મુજબ છે :
- 1. સ્થાન આધારિત બજાર : આ પ્રકારના બજારને ભૌગોલિક વિસ્તારને આધારે નીચે મુજબ ચાર પ્રકારમાં વિભાજિત કરવામાં આવે છે :
- (i) સ્થાનિક બજારઃ ગ્રાહકો જે સ્થાને વસવાટ કરે છે, તેની નજીકના વિસ્તારમાં આવેલ બજારને સ્થાનિક બજારે. કહે છે. જેમ કે, ગામડામાં દૂધ અને શાકભાજીનું બજાર, વાળંદ, ધોબી, દરજી, લુહાર, સુથાર, કુંભાર વગેરેની સેવાઓ, અમદાવાદમાં છક્ડાની વાહનવ્યવહારની સેવા વગેરે સ્થાનિક બજાર ધરાવે છે.
- (ii) પ્રાદેશિક બજાર : જે વસ્તુઓ કે સેવાઓનું ખરીદવેચાણ કોઈ એક ચોક્કસ પ્રદેશ પૂરતું મર્યાદિત હોય તેને પ્રાદેશિક બજાર કહે છે. પ્રાદેશિક બજાર રાજ્યના જુદા જુદા જિલ્લાઓ સુધી વિસ્તરેલ હોય છે. જેમ કે, મહેસાણાની દૂધસાગર ડેરીનું દૂધ, સુરતની ઘારી, ગુજરાતી નવલકથાઓ, ગુજરાતી ચલચિત્રો, પ્રાદેશિક ભાષાનાં પુસ્તકો વગેરેનાં બજાર પ્રાદેશિક બજાર છે.
- (iii) રાષ્ટ્રીય બજાર : જે વસ્તુઓ કે સેવાઓનું ખરીદ અને વેચાણે સમગ્ર રાષ્ટ્રમાં થતું હોય તેને રાષ્ટ્રીય બજાર કહે છે. રાષ્ટ્રીય બજાર દેશનાં વિવિધ રાજ્યો સુધી વિસ્તરેલ હોય છે. જેમ કે, પંજાબના ઘઉં, કાપડ, અમૂલ ડેરી પ્રોડ, ટેલિવિઝન વગેરે રાષ્ટ્રીય બજાર ધરાવે છે.
- (iv) આંતરરાષ્ટ્રીય બજાર : જે વસ્તુઓ કે સેવાઓનાં ખરીદવેચાણ માત્ર એક રાષ્ટ્ર પૂરતી સીમિત ન હોય, પરંતુ વિશ્વના અનેક રાષ્ટ્રમાં પ્રસરેલાં હોય તેને આંતરરાષ્ટ્રીય બજાર કહે છે, આ બજારને વૈશ્વિક બજાર પણ કહે છે, જે વિશ્વના વિવિધ દેશોનાં બજારો સુધી વિસ્તરિત હોય છે. જેમ કે, ઓસ્ટ્રેલિયાનું ઊન સ્વિટ્ઝર લન્ડની ઘડિયાળ, ભારતની ચા,ચીનનાં રમકડાં, અંગ્રેજી નવલ કથાખો,જાપાનનાં ઇલેક્ટ્રોનિક ઉપકરણો વગેરે વસ્તુઓ આતરરાષ્ટ્રીય બજાર ધરાવે છે. આતરરાષ્ટ્રીય બજારમાં થતાં ખરીદ વેચાણને બાપાતનિકાસથી ઓળખવામાં આવે છે.
- 2. જથ્થા આધારિત બજાર :(i) જથ્થાબંધ બજારઃ જે બજારમાં મોટા જથ્થામાં વસ્તુઓનું ખરીદવેચાણ થાય છે, તેને જથ્થાબંધ બજારે કહે છે. જેમ કે, કાપડ બજારમાં ગાંસડી મુજબ થતાં ખરીદવેચાણે, અનાજ બજારમાં ગુણી મુજબ થતાં ખરીદ વેચાણ, તેલમાં ટેક્રો મુજબ થતાં ખરીદવેચાણ જથ્થાબંધ બજાર છે , જથ્થાબંધ બજારમાં વેપારી ઉપાદક પાસેથી મોટા પથ્થોમાં વસ્તુઓ ખરીદે છે અને તેને છુટક બજારના વેપારીઓને વેચે છે.

  (ii) છૂટક બજાર : જે બજારમાં નાના છપ્પામાં વસ્તુઓનું ખરીદવેચાણ થાય છે, તેને છૂટક બજાર કહે છે, જેમ કે, કરિયાણાંનું બજાર, શાકભાજીનું બજાર, 25 કડાંનું બજાર વગેરે છૂટક બજાર છે. છૂટક બજારમાં છૂટક વેપારીનો મોટા જથ્થામાં વસ્તુઓની ખરીદી કરી નાના જથ્થામાં છુટક રીતે તેઓ ગ્રાહકોને વેચે છે. આમ, છુટક બજારના વેપારીઓ વસ્તુઓનું પુનઃવેચાણ કરી ગ્રાહકોને તેમની જરૂરિયાતોની વસ્તુઓ પહોંચાડે છે.

2. પૂર્ણ હરીફાઈ અને ઈજારા વચ્ચેનો તફાવત આપો.

| | પૂર્ણ હરીફાઈ | ઈજારો |
|---|---|---|
| 1 | પૂર્ણ હરીફાઈમાં ગ્રાહકો અને વેપારીઓ અસંખ્ય હોય છે. | ઈજારામાં ગ્રાહકો અસંખ્ય હોય, પરંતુ વેપારી કે ઉત્પાદક એક જ હોય છે. |
| 2 | પૂર્ણ હરીફાઈમાં પેઢીઓની સંખ્યા અનેક | ઈજારામાં ઉત્પાદક પેઢી એક જ હોઈ પેઢી જ |

| | | |
|---|---|---|
| | હોય છે. તેથી પેઢી અને ઉદ્યોગ વચ્ચે ભેદ ઊભો થાય છે. | ઉદ્યોગ બને છે. |
| 3 | પૂર્ણ હરીફાઈમાં ખરીદનારાઓ (ગ્રાહકો) વસ્તુની કિંમત પર અસર પહોંચાડી શક્તા નથી. | ઈજારામાં ગ્રાહકો કિંમત પર અસર પહોંચાડી શકતા નથી, પરંતુ વેપારી કે ઉત્પાદક તેના ઉત્પાદન અંગેના નિર્ણય દ્વારા વસ્તુની કિંમત પર અસર પહોંચાડે છે. |
| 4 | પુર્ણ હરીફાઈમાં નવી પેઢીઓને પ્રવેશવાની અને જૂની પેઢીઓને નીકળી જવાની સ્વતંત્રતા હોય છે. | ઈજારામાં અન્ય પેઢીઓને બજારમાં પ્રવેશવાની મનાઈ હોય છે. |
| 5 | પૂર્ણ દ્વહરીફાઈમાં વેચાતી કે ખરીદાતી વસ્તુઓ પરસ્પર સંપૂર્ણ અવેજી હોય છે. | ઈજારામાં અવેજી વસ્તુનો અભાવ હોય છે. |

3. ઈજારો અને ઈજારયુક્ત હરીફાઈનો તફાવત આપો:

| | **ઈજારો** | **ઈજારાયુક્ત હરીફાઈ** |
|---|---|---|
| 1 | ઈજારાની સ્થિતિમાં એક જ ઉત્પાદક કે વેચનાર હોય છે. | ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પાદન અને વેચાણ કરતી પેઢીઓ ઘણી મોટી સંખ્યામાં હોય છે. |
| 2 | અવેજી વસ્તુનો અભાવ એ ઈજારાનું પાયાનું લક્ષણ છે. | તેમાં વસ્તુ-વિભિન્નતા હોય છે, પરંતુ તે એકબીજાની સંપૂર્ણ અવેજી હોતી નથી. |
| 3 | અન્ય પેઢીઓ માટે બજારમાં પ્રવેશબંધી એ ઈજારાનું અનિવાર્ય લક્ષણ છે. | ઈજારાયુક્ત હરીફાઈમાં નવી પેઢીઓના પ્રવેશ અંગે કોઈ અવરોધ નથી. |
| 4 | ઈજારામાં એક પેઢી ઉધોગ ની સ્થિતિ લાંબા સમય સુધી ટકી રહે છે. | આવા બજારમાં પેઢીઓના સમૂહને જૂથ કહે છે, જેને ઉદ્યોગ પણ કહેવાય. |
| 5 | ઈજરામાં પેઢી ગ્રાહકો પાસેથી ઊંચી કિંમત વસુલ કરી મહત્તમ નફો મેળવવાનો પ્રયાસ કરે છે. | ઈજારાયુક્ત હરીફાઈમાં વિવિધ માધ્યમો દ્વારા જાહેરાત કે પ્રચાર કરીને વધુ વેચાણ કે ઊંચી કિંમત દ્વારા મહત્તમ નફો મળેવી શકાય છે. |